# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

એ-3, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id: *suratdeo@gmail.com*

ક્રમાંકઃ એસએસએ/ક્યુઈસેલ/૨૦૧૯-૨૦/ 11413 તા. ૦૫/૦૯/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી(માધ્યમિક), RMSA, અને મોડેલ શાળાઓ

**વિષય:-** સરકારી માધ્યમિક શાળાઓમાં પ્રારંભિક નિદાનાત્મક કસોટી અને એકમ કસોટી બાબત.
**સંદર્ભ:-** સ્ટેટ પ્રોજેક્ટ કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક એસએસએ/ક્યુઈસેલ/૨૦૧૯/૩૧૩૪૭-૪૨૨ તા.૪/૦૯/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારી માધ્યમિક, RMSA, અને મોડેલ શાળાના ધોરણ-૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા ચકાસણી અને અભિવૃદ્ધિ માટે ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન **પીરીઓડીકલ એસેસમેન્ટ ટેસ્ટ (એકમ કસોટી)** યોજવાનું નિયત કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે આ સાથે સામેલ સંદર્ભપત્રની સૂચનાઓને અનુસરી યોગ્ય આયોજન કરવા અત્રેથી જણાવવામાં આવે છે.

<u>બિડાણ :</u> ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

Scanned by CamScanner

ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન
સ્ટેટ પ્રોજેકટ કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નંબર : ૦૭૯–૨૩૨૪૩૧૩૩
E-mail : spdssa@gmail.com
Tollfree No. : 1800 233 7965

सत्यमेव जयते
Government of Gujarat

પી. ભારતી (IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, એસપીઓ, એસએસએ

પત્રક્માંક : એસએસએ/ક્યુઈસેલ/૨૦૧૯/૩૪૩૪૭-૪૨૨ તા: ૪/૦૯/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા:તમામ

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા:તમામ
શાસનાધિકારીશ્રી:અમદાવાદ,રાજકોટ,વડોદરા,સૂરત

વિષય: સરકારી માધ્યમિક શાળાઓમાં પ્રારંભિક નિદાનાત્મક કસોટી અને એકમ કસોટી બાબત..

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્યની સરકારી માધ્યમિક શાળાના ધોરણ ૯ અને ૧૦ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા ચકાસણી અને અભિવૃદ્ધિ માટે ચાલુ શૈક્ષણિક સત્ર દરમ્યાન પીરીઓડીકલ એસેસમેન્ટ ટેસ્ટ (એકમ કસોટી) યોજવાનું નિયત કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે તા:૭/૯/૨૦૧૯થી ધોરણ ૯ અને ૧૦માં આ સાથે સામેલ આયોજન મુજબ વિવિધ વિષયોની એકમ કસોટી યોજવામાં આવશે.

ઉપરોક્ત આયોજન મુજબ યોજવામાં આવનાર એકમ કસોટી માટેનો અભ્યાસક્રમ આ સાથે સામેલ સમયપત્રક મુજબ રહેશે. આયોજન મુજબ જે તે દિવસની એકમ કસોટી માટેના સબંધિત પ્રશ્નપત્રો કસોટીની તારીખના બે દિવસ અગાઉ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને અત્રેની કચેરી દ્વારા તેઓના ઓફિસીયલ ઈ મેઈલ એડ્રેસ પર મોકલી આપવામાં આવશે. દરેક જિલ્લાએ કસોટીના એક દિવસ પહેલા પ્રશ્નપત્રો જે તે શાળા સુધી સબંધિત બીઆરસી કો.ઓ. અને સીઆરસી કો.ઓ. મારફતે સોફ્ટ કોપીમાં પહોંચાડવાના રહેશે. આ પ્રક્રિયા દરમ્યાન દરેક તબક્કે પ્રશ્નપત્રોની ગોપનીયતા જળવાઈ રહે તેની દરેકે વ્યક્તિગત તકેદારી લેવાની રહેશે.

ઉપરોક્ત આયોજન મુજબ રાજ્યની તમામ સરકારી માધ્યમિક શાળાઓમાં એકમ કસોટી યોજાય તે માટે નીચે મુજબની માર્ગદર્શક બાબતોનું પાલન કરવાનું રહેશે.

- એકમ કસોટી તમામ સરકારી, RMSA, મોડલ શાળાઓ અને મોડલ ડે શાળાઓમાં યોજવાની રહેશે.
- આ કસોટીના પ્રશ્નોપત્રો વિદ્યાર્થીઓને વ્યક્તિગત હાર્ડકોપીમાં મળે તે માટેની વ્યવસ્થા શાળાના આચાર્યશ્રીએ કરવાની રહેશે. શાળાએ વિદ્યાર્થીદીઠ પ્રશ્નપત્રોની હાર્ડકોપી માટેનો ખર્ચ જે તે શાળાની કમ્પોઝીટ સ્કુલ ગ્રાન્ટ હેડે અંતર્ગત કરવાનો રહેશે.
- વિદ્યાર્થીઓએ પ્રશ્નોના જવાબ પોતાની એકમ કસોટીની નોટબુકમાં લખવાના રહશે. આ માટે પ્રત્યેક વિધાર્થીએ એકમ કસોટી માટે એક અલગ નોટબુક બનાવવાની રહેશે. જે માત્ર એકમ કસોટીના લેખન માટે જ રહેશે.
- જે તે દિવસની એકમ કસોટી પૂર્ણ થયા બાદ એકમ કસોટીના દિવસથી દિન-૭માં જે તે વિષય શિક્ષકે તમામ વિદ્યાર્થીઓની એકમ કસોટીની યોગ્ય રીતે ચકાસણી કરી જે તે વિદ્યાર્થીને પોતાના વાલીને જોઈ ચકાસીને વાલીની સહી કરાવીને પરત લાવવા માટે આપવી.
- જે તે ધોરણના વર્ગ શિક્ષકે તેઓના વર્ગના તમામ વિદ્યાર્થીઓના તમામ વિષયના ગુણપત્રકો જે તે વિષય શિક્ષક પાસેથી મેળવીને પોતાની પાસે જાળવી રાખવાના રહેશે.

Scanned by CamScanner

- જે તે વિષયની એકમ કસોટીની ચકાસણી બાદ સબંધિત વિષય શિક્ષકે જરૂરિયાત મુજબ ઉપચારકાર્ય કરાવવાનું રહેશે.
- એકમ કસોટી માટે નક્કી કરેલા દિવસે શાળામાં રજા હોય તો ત્યાર પછીના ચાલુ દિવસે આ કસોટી યોજવાની રહેશે.
- શિક્ષકોએ દરેક વર્ગના વિદ્યાર્થીઓને અગાઉથી જ એકમ કસોટીની તારીખ, વિષય અને સમાવવામાં આવેલા પ્રકરણ જણાવી દેવાના રહેશે. જેથી વિદ્યાર્થીઓ એકમ કસોટી માટે જરૂરી પૂર્વ તૈયારીઓ કરી શકે.
- દરેક કસોટી ૨૫ ગુણની રહેશે અને તેના જવાબ લખવા માટે વિદ્યાર્થીઓને ૪૫ મિનિટનો સમય આપવાનો રહેશે.
- શાળાનો સમય સવારનો હોય તો એકમ કસોટીનો સમય ૯.૩૦ થી ૧૦.૧૫ કલાક રહેશે. જે શાળાઓનો સમય બપોરનો હોય તો તેમાં એકમ કસોટીનો સમય ૧૩.૦૦ થી ૧૩.૪૫ કલાકનો રહેશે.
- કે.જી.બી.વી.માં રહીને સરકારી શાળા સિવાયની અન્ય(ગ્રાન્ટેડ કે ખાનગી) શાળામાં અભ્યાસ કરતી કન્યાઓની એકમ કસોટી જે તે કે.જી.બી.વી.માં શાળામાંથી પરત આવ્યા બાદ કેજીબીવીના ટ્યુશન ટીચર દ્વારા લેવાની અને ચકાસવાની રહેશે.
- શાળાના આચાર્યશ્રીએ તમામ એકમ કસોટીઓ સમયસર, ગુપ્તતા જાળવીને અને આયોજન મુજબ યોજાય તેનું ધ્યાન રાખવાનું રહેશે. ધોરણ ૯ માં તા:૭/૯/૨૦૧૯ના રોજ યોજાનાર કસોટી ૬૦ ગુણની 'નિદાનાત્મક કસોટી' રહેશે અને તે માટે વિદ્યાર્થીઓને ૯૦ મિનિટનો સમય આપવાનો રહેશે. ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ માટેની નિદાનાત્મક કસોટીમાં ગુજરાતી,ગણિત,વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના ધોરણ ૬ થી ૮નો બેઝીક અભ્યાસક્રમ હશે.
- નિદાનાત્મક કસોટીના પ્રશ્નપત્રમાં સમાવિષ્ટ જે તે વિષયના પ્રશ્નોની ચકાસણી જે તે શાળાના વિષય શિક્ષકે કરવાની રહેશે.
- એકમ કસોટીના આયોજન મુજબ અસરકારક અમલીકરણ માટે જિલ્લા/તાલુકા/ક્લસ્ટર કક્ષાએથી સઘન મોનીટરીંગ કરવાનું રહેશે.

P.M

પી.ભારતી ( IAS )

<u>બિડાણ:-</u>

- પ્રથમ સત્રની એકમ કસોટીઓનું સભંવિત સમયપત્રક

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન. સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગર.
- માન.અધ્યક્ષશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર-૧૦ બી,ગાંધીનગર
- માન. કમિશ્નનર ઓફ સ્કુલ, બ્લોક૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારૂ:-</u>

- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-૧૨ ગાંધીનગર.

<u>નકલ રવાના અમલવારી સારૂ:-</u>

- ઓ.આઈ.સી.-ગર્લ્સ એજ્યુકેશન, સદર કચેરી

Scanned by CamScanner

## ધોરણ ૯ અને ૧૦ માટેની સામયિક કસોટી અંગેનું વિગતવાર પત્રક

| તારીખ | ધોરણ | વિષય | કુલ ગુણ | સમાવિષ્ટ અભ્યાસક્રમ | ધોરણ | વિષય | કુલ ગુણ | સમાવિષ્ટ અભ્યાસક્રમ (પ્રકરણ) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭/૯/૨૦૧૯ શનિવાર | ૯ | ગુજરાતી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન (સંયુક્ત કસોટી) | ૬૦ | બેઝિક (પાયાનું જ્ઞાન- ધોરણ ૬ થી ૮) | ૧૦ | ગણિત | ૨૫ | ૩ અને ૭ |
| ૧૪/૯/૨૦૧૯ શનિવાર | ૯ | ગણિત | ૨૫ | ૩, ૪ અને ૬.૧ | ૧૦ | અંગ્રેજી | ૨૫ | Unit-3,૪ Poem - Pencil |
| ૨૧/૯/૨૦૧૯ શનિવાર | ૯ | વિજ્ઞાન | ૨૫ | ૨, ૬, ૧૪ | ૧૦ | ગુજરાતી | ૨૫ | પદ્ય- ૯,૧૧ ગદ્ય-૮,૧૦ પત્રલેખન, અહેવાલલેખન, વ્યા.- એકમ-૨ |
| ૨૮/૯/૨૦૧૯ શનિવાર | ૯ | અંગ્રેજી | ૨૫ | Unit-૪,૫ (Suple-Dolphin) | ૧૦ | વિજ્ઞાન | ૨૫ | ૨, ૭, ૧૨ |

Scanned by CamScanner